# 7 લગ્નજીવનનો આદર્શ

## વ્યક્તિ કુટુંબની સભ્ય

સમાજ એકલવાયી વ્યક્તિઓનો બનતો નથી. એવી છૂટીછવાઈ વ્યક્તિઓને સમાજ ન કહેવાય પરંતુ લોહીના સંબંધે જોડાયેલી વ્યક્તિઓના નાના નાના સમૂહો, જૂથો કે એકમોનો સમાજ બને છે. એવાં નાનાં નાનાં જૂથ કે એકમોને આપણે કુટુંબ તરીકે ઓળખીશું. એટલે એવા એક નાના એકમ કે કુટુંબમાં રહેતી ને જીવતી વ્યક્તિઓ એકબીજાની સાથે લોહીની સગાઈથી સંકળાયેલી હોય છે. આવી લોહીની સગાઈ કે લોહીનો સંબંધ એ કુટુંબના સર્જનનો પાયો છે. આપણે જોઈએ છીએ કે સમાજમાં દરેક વ્યક્તિ કોઈ ને કોઈ કુટુંબમાં જન્મે છે અને તેમાં જ રહીને જીવે છે. સમાજને માળા સાથે સરખાવીએ તો તેનું દરેક કુટુંબ માળાના એક મણકા તરીકે ઓળખી શકાય.

કુટુંબમાં ન જીવતી હોય એવી પણ કેટલીક વ્યક્તિઓ સમાજમાં જોવા મળે છે. સાધુ, બાવા, ફકીર, નિરાધાર, ભિખારી વગેરેને આપણે એમાં ગણી શકીએ. પણ વિચાર કરતાં તરત જ સમજાશે કે એવા છૂટાછવાયા માણસો પણ, તેઓ આવી રીતે એકલવાયા બની ગયા તેના પહેલાં તો કોઈ કુટુંબમાં હતા જ. પછી કોઈ એક યા બીજા કારણે તેઓ કુટુંબથી વિખૂટા પડી ગયા અને એકલવાયા બની ગયા. સાધુ કે ફકીર જેવા માણસો પોતાની મરજીથી કુટુંબ છોડીને જીવનના કોઈ ઉચ્ચ ધ્યેયને પામવા માટે એવા એકલવાયા જીવનના પથિક બની ગયા. કોઈ અસાધ્ય બીમારીને લીધે કુટુંબમાંથી નિષ્કાસિત થયા, તો કોઈ પોતાની અસામાજિક પ્રવૃત્તિને લીધે કુટુંબમાંથી ફેંકાઈ ગયા. અલબત્ત, સમાજના લોકોની કુલ સંખ્યાને હિસાબે આવી એકલીઅટૂલી વ્યક્તિઓની સંખ્યા ઘણી જ નાની હોય છે. તેથી તે સૌ બધાં કુટુંબોની ઉદારતા, તેમની પરોપકારભાવના અને સહિષ્ણુતા ઉપર પોતાનું જીવન નભાવે છે. કેટલાક સ્વૈચ્છિક બ્રહ્મચર્ય પાળીને ઈશ્વરની આરાધના અને અંતિમ લક્ષ્ય તરીકે મોક્ષની પ્રાપ્તિની સાધના કરતા હોય છે. તેઓ એકાંતમાં જીવન વ્યતીત કરે છે.

## કુટુંબનું સર્જન

દરેક કુટુંબમાં બે મુખ્ય વ્યક્તિઓ હોય છે : પતિ અને પત્ની. તે ઉપરાંત તેમનાં એક કે વધારે બાળકો હોય છે. આવાં કુટુંબોમાં અને વ્યાપક સમાજમાં જીવતા માણસોને આપણે બે મોટા ભાગ કે સમૂહોમાં વહેંચી શકીએ : એક પુરુષોનો સમૂહ અને બીજો સ્ત્રીઓનો સમૂહ.

બાળકના જન્મથી જ તે ઉપરના બેમાંથી કોઈ એક સમૂહનો સભ્ય બની જાય છે. તે છોકરો હોય તો પુરુષવર્ગમાં અને છોકરી હોય તો સ્ત્રીવર્ગમાં આવે છે. તે છોકરા કે છોકરીનો ઉછેર તેનાં પોતાનાં માતાપિતા કરે છે. તે તેમને પોતાનો પ્રેમ, હૂંફ, પોષણ અને રક્ષણ આપીને તેમને મોટાં કરે છે. આવી રીતે તેઓ શિશુ-અવસ્થામાંથી બાલ્યાવસ્થા અને તે પછી યુવાવસ્થાને પ્રાપ્ત થાય છે. તેના જીવનનો આ ગાળો તેના ભાવિ જીવનની તૈયારી અર્થે વીતે છે ને તે દરમ્યાન તે વિદ્યાભ્યાસ કરે છે કે પોતાનાં માતાપિતાનો વ્યવસાય શીખી લે છે. એક યા બીજી રીતે તેના જીવનની આ અવસ્થા દરમ્યાન તેના જીવનનું ઘડતર થાય છે. સમાજમાં જીવન કેવી રીતે જિવાય તે શીખે છે ને તેના વ્યક્તિત્વનો વિવિધ રીતે વિકાસ થાય છે.

આ સમય દરમ્યાન તે છોકરો હોય તો તેના ઉપર તેના પિતા, દાદા, કાકા, મોટાભાઈ વગેરેનો વિશેષ પ્રભાવ પડે છે. છોકરી ઉપર તેની માતા, દાદી, કાકી વગેરેના વર્તન-વ્યવહારની વિશેષ છાપ ઊપસે છે. તે

પોતાના ઘરનાં નાનાંમોટાં કામ કરતાં કરતાં પોતાનાં કાર્યકૌશલ્યો વિકસાવે છે ને જવાબદારીપૂર્વક કાર્ય કરવાની સમજ કેળવી લે છે.

**લગ્ન માટે સંમતિ**

છોકરો કે છોકરી લગ્નવયને પ્રાપ્ત થાય એટલે તેમનાં માતાપિતા તેનાં લગ્નની ગોઠવણ કરે છે. ભારતીય સમાજમાં હજી પણ 21મી સદીના પ્રવેશકાળેય, લગ્ન માટેનાં પાત્રો મોટે ભાગે માબાપ નક્કી કરે છે. હવે છોકરા અને છોકરીનો સંબંધ પાકો કરતાં પહેલાં માતાપિતા તેમની સંમતિ મેળવી લેતાં હોય છે. તેમ કરવા માટે છોકરા છોકરીની મુલાકાત કરાવવામાં આવે છે ને એવી મુલાકાતના અંતે સંમતિ મળી જતી હોય છે. જોકે આવી મુલાકાત કર્યા પછી નાપસંદગીના કિસ્સા પણ હવે નોંધપાત્ર પ્રમાણમાં બનવાની શરૂઆત થઈ ગઈ છે. જ્યારે લગ્ન કરનાર બંને પાત્રોની સંમતિ મળી જાય છે તે પછી બંને પક્ષનાં એટલે કે વરપક્ષનાં અને કન્યાપક્ષનાં માતાપિતા તેમને બંનેને પરંપરાથી ચાલી આવતી પદ્ધતિથી પરણાવી દે છે. આને તેમનું લગ્ન થયું એમ કહેવાય છે.

**લગ્ન એટલે શું ?**

વર અને કન્યાનું પરંપરાગત ધાર્મિક વિધિ પ્રમાણે થયેલું જોડાણ એ લગ્ન ગણાય છે. આ રીતના જોડાણ કે લગ્ન દ્વારા વર અને કન્યા પોતાના ભાવિ કુટુંબની રચના કરવા માટે અને પોતાના સુખી અને સ્થિર ભાવિ જીવન માટે પરસ્પરને સ્વીકૃતિ આપે છે. બીજી રીતે કહીએ તો જુદી જાતિ(Sex)ની બે વ્યક્તિ વચ્ચે જીવનપર્યંતના કાયમી સહજીવન માટે તથા પોતાનો વંશવેલો ચાલુ રાખવા માટે થતું સામાજિક રીતે માન્ય જોડાણ એટલે લગ્ન.

લગ્ન માટે જુદા જુદા શબ્દો વપરાય છે : વિવાહ, પાણિગ્રહણ, પરિણય.

**લગ્નવિધિ**

**લગ્ન** : એટલે લાગવું, જોડાવું તે. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પતિ અને પત્ની તરીકે જોડાવું તે.

**વિવાહ** : આ શબ્દ સંસ્કૃત ધાતુ વિ + वह् પરથી બન્યો છે. વિ + वह् એટલે વહી જવું, લઈ જવું અથવા વિધિપૂર્વક સ્વીકાર કરીને પત્નીને પોતાને (પતિના) ઘેર લઈ જવી. એમાં સ્ત્રીને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પરણીને ગૃહસ્થજીવન માટે પોતાને ઘેર લઈ જવાની ક્રિયાનો અર્થ રહેલો છે.

**પાણિગ્રહણ** : પાણિ એટલે હાથ, ગ્રહણ એટલે પકડવું તે. પતિ થનાર પુરુષ પત્ની બનનાર કન્યાનો હાથ પોતાના હાથમાં લે તે લગ્નવિધિ દરમ્યાન થતી એક ક્રિયા છે. એનો અર્થ એવો છે કે વિધિપૂર્વક કન્યાને પત્ની બનાવીને તેની જવાબદારી તે સ્વીકારે છે. લગ્નવિધિમાં પાણિગ્રહણ એક અગત્યની વિધિ છે.

**પરિણય** : સંસ્કૃત परि + ની પરથી બનેલો આ શબ્દ છે. લગ્નવિધિ દરમ્યાન વરે જેનું પાણિગ્રહણ કર્યું હોય તે કન્યાને લઈ જવાની ક્રિયાનો અર્થ એમાં રહેલો છે. કન્યાને ક્યાં લઈ જવાની ? લગ્નવિધિમાં વર કન્યાને અગ્નિની આસપાસ ફેરા ફરવા લઈ જાય છે. એને મંગલફેરા કહે છે. લગ્નવિધિમાં અગ્નિની આસપાસ ફરેલા મંગળફેરાની સાથે લગ્નને સમાજ-સ્વીકૃતિની અંતિમ મહોર લાગે છે. અગ્નિને દેવ ગણેલો છે. એટલે અગ્નિદેવની સાક્ષીએ થયેલું લગ્ન સર્વમાન્ય અને કાયદેસરનું લગ્ન ગણાય છે. આ રીતે થયેલા લગ્ન પછી સ્ત્રી અને પુરુષ બંને આજીવન દંપતી બની જાય છે.

### સપ્તપદી

લગ્નવિધિ દરમ્યાન અગ્નિદેવની સાક્ષીએ, વેદના મંત્રોચ્ચારની સાથે, દેવતાઓની સાક્ષીએ, વર અને કન્યા એકબીજાની સાથે સાત પગલાં ભરે છે તેને સપ્તપદી તરીકે ઓળખાવાય છે. સપ્તપદીનાં સાત પગલાં ભરીને એ બંને પરસ્પરના પ્રેમનો અને ભાવિ સહજીવનનો સ્વીકાર કરે છે. આ વિધિ વખતે વર અને કન્યા બંને પક્ષનાં કુટુંબીઓ અને સગાંસંબંધીઓની એટલે કે સમાજની હાજરી હોય છે. એટલે જ એ લગ્નને સમાજની માન્યતા મળી એમ ગણાય છે. આમ, સપ્તપદીની સાથે પરણનાર કન્યા પરણનાર પુરુષની પત્ની બની જાય છે.

### કન્યાદાન

કન્યા લગ્નવયને પ્રાપ્ત થાય એટલે તેનાં માતાપિતાની તેને પરણાવવાની ફરજ બની જાય છે. એટલે તેઓ કન્યાને માટે યોગ્ય પાત્રની શોધ કરીને તેની સાથે પોતાની પુત્રીનો સંબંધ કરે છે તેને સગાઈ કહે છે. સગાઈ થઈ ગયા પછી કન્યાનાં માતાપિતા વરને સન્માનપૂર્વક લગ્નનું નોતરું મોકલે છે ને વર જાન જોડીને પોતાનાં કુટુંબીઓ, સગાંવહાલાં અને મિત્રમંડળ સહિત લગ્ન માટે પોતાની વાગ્દત્તાના પિતાના ઘરે જાય છે. ત્યાં શુભમુહૂર્તમાં લગ્નવિધિ દરમ્યાન કન્યાનાં માતાપિતા દાંપત્યજીવનને માટે પોતાની પુત્રીનો હાથ વરના હાથમાં સોંપે છે એટલે કે પોતાની કન્યાનું દાન એટલે કન્યાદાન કરે છે. વિવાહ કે લગ્નવિધિમાં આ વિધિ શરૂઆતમાં સંપન્ન થાય છે. આમાં કન્યાનાં માતાપિતા ઉપરાંત ત્યાં હાજર બંને પક્ષનાં અન્ય સગાંવહાલાં અને સમાજના અન્ય વર્ગની સંમતિ નિશ્ચિત થઈ જાય છે.

પોતાને સોંપવામાં આવેલી કન્યાનું પાણિગ્રહણ કરીને તે કન્યાનો બનનાર પતિ તેની પત્ની બનનાર કન્યાની તથા તેના થકી જન્મ પામનાર તેમનાં સંતાનોની જીવનપર્યંતની જવાબદારીનો આ રીતે વ્યાપક સમાજની હાજરીમાં સ્વીકાર કરે છે. આ બાબત લગ્નની સામાજિકતા દર્શાવે છે.

### વરની યોગ્યતા

પોતાની કન્યાને માટે યોગ્ય પાત્ર શોધવા માતાપિતા પોતાની રીતે સંભવિત વરની યોગ્યતા જાણવા માટે હંમેશાં પ્રયત્ન કરતાં હોય છે. તે માટે છોકરાનાં માતાપિતાની સમાજમાં પ્રતિષ્ઠા કેવી છે તે જોવાય છે. પ્રાચીન ભારતમાં આ દૃષ્ટિએ જોતાં ગુણ, તપ અને જ્ઞાન જે કુટુંબમાં પેઢી દર પેઢી કેળવાયાં હોય તેવા કુટુંબની પસંદગી થતી. એવી સામાન્ય માન્યતા હતી કે સંબંધ બાંધનાર બંને કુટુંબ સરખાં સંસ્કારી અને પરસ્પરને સમકક્ષ હોવાં જોઈએ. આ માન્યતા કે સમજ હજારો વર્ષો પછી અત્યારે પણ એટલી જ પ્રવર્તમાન છે.

વરની લાયકાત અંગે એક પ્રસિદ્ધ સુભાષિત આવું છે :

कन्या वरयते रूपं, माता वित्तं पिता श्रुतम्।
बान्धवाः कुलमिच्छन्ति मिष्टान्नं इतरे जनाः॥

કન્યાની દૃષ્ટિએ એનો થનાર ભાવિ પતિ રૂડોરૂપાળો, ખૂબ દેખાવડો, સુંદર, હૃષ્ટપુષ્ટ હોવો જોઈએ, એવો કે એને જોતાં જ કન્યા એના ઉપર મોહી પડે. કાણો-કૂબડો, અપંગ, શ્યામવર્ણો હોય એવાને સામાન્ય રીતે કોઈ કન્યા પોતાના જીવનસાથી તરીકે પસંદ ન કરે.

માતાની દૃષ્ટિ પોતાની પુત્રીને ભવિષ્યમાં ભરણપોષણની ચિંતા ન કરવી પડે તેવી હોય છે. એટલે માતા સામા પક્ષનું કુટુંબ આર્થિક રીતે કેટલું સુખી છે તે ખાસ જુએ છે. અતિ સામાન્ય આર્થિક સ્થિતિવાળા કુટુંબમાં પોતાની પુત્રી જાય તો તેને કાયમ ભારે કામનો બોજો રહે જે કોઈ માતાને ન ગમે.

આ બાબત સાંપ્રત સમયમાં પણ એટલી જ સુસંગત છે. હવેની ભણેલી-ગણેલી કન્યાઓ તો પોતાનો ભાવિ પતિ ગાડી-બંગલાવાળો હોય, એને ઘેર મોટો વેપાર કે ઉદ્યોગ હોય અથવા તેને ઊંચા પગારની નોકરી હોય એવું ઇચ્છતી હોય છે. ભાવિ પતિ ખૂબ ઊંચી ડિગ્રી ધરાવતો હોય એ તો ગૃહીત છે. કન્યા પરણીને સાસરે જાય ત્યારે તે આખા કુટુંબની સભ્ય બની જાય છે. એટલે કુટુંબ સંપન્ન હોય એવી ઇચ્છા કન્યાપક્ષે સ્વાભાવિક થઈ ગઈ છે.

વર્તમાન સમયમાં સ્વપસંદગીથી થતાં લગ્નોમાં ધનિક કુટુંબની કન્યા સામાન્ય કુટુંબના છોકરાને પસંદ કરતી હોય એવું કેટલીક વાર જોવામાં આવે છે. આવા કિસ્સામાં છોકરો ખૂબ ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય છે. એટલે ધનિક ઘરની છોકરી એને પસંદ કરે છે ત્યારે તેની ઉચ્ચ શૈક્ષણિક લાયકાતને લીધે ભવિષ્યમાં તેને ઊંચા પગારની નોકરી મળી રહેશે અને તેને ગરીબીમાં જીવવાના દિવસો આવશે નહિ એવી તેની ધારણા હોય છે.

ઉપરોક્ત સુભાષિત પ્રમાણે પિતા છોકરાના જ્ઞાનને વધારે મહત્ત્વ આપે છે. જ્ઞાની સર્વત્ર પૂજ્યતે એ વાતનો આમાં નિર્દેશ છે. કન્યાના બાંધવો છોકરાનું કુળ કેવું આબરૂદાર છે તે બાબતને વધારે મહત્ત્વ આપે છે.

ઉપરની ચર્ચામાંથી એક બાબત સમજાય છે કે લગ્ન એ માત્ર બે વ્યક્તિઓને સ્પર્શતી બાબત નથી પરંતુ તે બે વ્યક્તિઓનાં બે કુટુંબોને માટે પણ એટલી જ નિસબતની બાબત છે. એથીય વિશેષ બે વ્યક્તિઓનું લગ્ન થાય તે બાબતને વ્યાપક સમાજ સાથે પણ સંબંધ છે. એટલા માટે તે બંને વ્યક્તિઓની પાત્રતામાં બે કુટુંબો ઉપરાંત વ્યાપક સમાજનો અભિપ્રાય પણ અસરકારક ભાગ ભજવે છે.

અહીં એ પણ નોંધવું જોઈએ કે વર રોગિષ્ઠ ન હોય, વળી તે દારૂડિયો કે વ્યસની ન હોય, જુગારી કે ગુનાઇત પ્રવૃત્તિઓ કરનારો પણ ન હોય. આ બાબતો તેની ગેરલાયકાતમાં ગણાય છે.

**કન્યાની યોગ્યતા**

કન્યાની પસંદગીમાં સૌથી પહેલાં તેનો દેખાવ કે તેનું સૌંદર્ય જોવાય છે. સર્વસામાન્ય પસંદગી ગૌર વર્ણ માટે હોય છે. તે ઉપરાંત તેની ઊંચાઈ સરેરાશ હોય તે છે. નીચી કન્યા પસંદગીપાત્ર નથી ગણાતી, તેનું શરીર ઘાટીલું અને તંદુરસ્ત હોય. કન્યાનું પિતૃકુટુંબ કેવા સંસ્કારોવાળું છે તેના ઉપરથી તે કન્યાના સંસ્કાર કેવા હશે તેનું અનુમાન થઈ શકે છે. કન્યાની માતા ઝઘડાળું સ્વભાવની હોય તે બાબત કન્યાની પસંદગીમાં આડે આવે છે. કન્યાનાં માતાપિતામાંથી કોઈને કોઈ લાંબા કાળનો ચેપી રોગ હોય તો તેવા કુટુંબમાં પડવું નહિ એવી સર્વસામાન્ય માન્યતા હોય છે.

સાંપ્રત સમયમાં કન્યાનું શિક્ષણ કેટલું છે તે ખાસ જોવાય છે. તે સારું ભણેલી હોય, ઓછામાં ઓછું સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ લીધું હોય એવી અપેક્ષા હોય જ છે. તેથી વિશેષ શિક્ષણ અને નોકરી હોય તો તે બાબતો પસંદગીમાં પ્રાથમિકતા પામે છે.

અત્યારના સમયમાં ગામડાંમાં અને શહેરોમાં પછાતવર્ગોમાં જ્યાં છોકરાઓ પણ બહુ ભણેલા હોતા નથી ત્યાં કન્યાઓ વિશેષ ભણેલી હોય તેવું ઓછું બને છે. અલબત્ત, હવે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઝડપથી વધતું જાય છે. અન્ય પછાતવર્ગો પણ જાગૃત થતા જાય છે.

કન્યાની યોગ્યતા સમાજના વર્ગો પ્રમાણે બદલાતી જોવા મળે છે. વર્તમાનમાં ડૉક્ટર થયેલા યુવાનો ડૉક્ટર થયેલી યુવતીને પોતાને માટે પ્રથમ પસંદગી ગણતા થયા છે. એવું જ ડૉક્ટર થયેલી યુવતીઓ પણ પોતાના પતિ તરીકે ડૉક્ટર યુવાનને પ્રથમ પસંદગી આપે છે. નીચલા મધ્યમવર્ગ અને સામાન્યવર્ગમાં કન્યા ભણેલી ને નોકરી; તેમાંય સરકારી પગારધોરણવાળી નોકરી કરતી હોય તો તે જલદી પસંદગી પામે છે.

એક પ્રાચીન માન્યતા જે હજીય પ્રચલિત છે તે પ્રમાણે જે કુટુંબમાં છોકરીઓ વધારે હોય અને છોકરો એકાદ હોય કે ન પણ હોય તેવા કુટુંબની છોકરીઓને પસંદગીપાત્ર ગણવામાં આવતી નથી, કારણ કે એવી કન્યા સાથે લગ્ન કરવામાં આવે તો એ દંપતીને ભવિષ્યમાં પુત્રોને બદલે પુત્રીઓ જ વધારે જન્મે એવી સંભાવના વધુ મનાય છે.

છેલ્લા બે-એક દાયકાથી ઘણા લોકો પરદેશમાં અમેરિકા, ઇંગ્લૅંડ, કૅનેડા, આફ્રિકાના કેટલાક દેશ, ઑસ્ટ્રેલિયા વગેરેમાં જઈને વસ્યા છે. એવા લોકોમાંથી મોટા ભાગનાં હજી પોતાના પુત્ર-પુત્રીઓનાં લગ્ન પોતાના મૂળ સમાજમાં કરવાનાં આગ્રહી હોય છે અને તે લોકો પોતાનાં સંતાનો માટે છોકરા કે છોકરીની પસંદગી કરવા વતનમાં આવતાં હોય છે. આવું બને ત્યારે અહીંના લોકો પોતાના પુત્ર માટે પરદેશવાળી કન્યા કે પુત્રી માટે પરદેશમાં સ્થાયી થયેલો છોકરો મળી રહે તો ખૂબ જ રાજી થાય છે, કારણ કે પરદેશમાં સ્થાયી થયેલો છોકરો કે છોકરી અહીં લગ્ન કરીને પોતાના જીવનસાથીને છ-બાર મહિનામાં પોતાની પાસે જે-તે દેશમાં લઈ જાય છે. પરદેશમાં કમાણી કરવાની તકો વધારે હોવાથી ત્યાંના ઊંચા જીવનધોરણમાં સુખી જીવનની સંભાવના વધારે છે એવું માનવામાં આવે છે.

**સ્વપસંદગી**

ઉપર જણાવેલી લાયકાતો સામાન્ય રીતે પોતાના સમાજની કન્યાને જ લાગુ પડે છે. પણ સાંપ્રત સમાજમાં શિક્ષણનો ઝડપી ફેલાવો, ધંધારોજગાર કે નોકરી અર્થે વતનથી દૂર દૂરના સ્થળે કે પરદેશમાં વસવાટ, ઝડપી મુસાફરી વગેરે કારણે હવે સમાજજીવન પહેલાંના જેવું બંધિયાર રહ્યું નથી. વળી, વધારે ભણેલા યુવાનો એમની કૉલેજ-યુનિવર્સિટીમાં કે દૂરસ્થ નોકરી ધંધાના સ્થળે અન્ય સમાજોની, અન્ય જ્ઞાતિ-જાતિ કે ધર્મની છોકરીઓના ઘણા નિકટ સંપર્કમાં આવે છે. આ સંપર્કના પરિણામે એમને પરસ્પરના વિચારો, સ્વભાવ, જીવનની અભિલાષાઓ વગેરેમાં સામ્યનો અનુભવ થતાં અંતે તેઓ લગ્નગ્રંથિથી જોડાઈ જાય છે. આ રીતે હવે વર કે કન્યાની પસંદગીમાં માતાપિતાની ભાગીદારી સંકોચાતી જતી જોવામાં આવે છે. સમાજજીવનની પરિસ્થિતિમાં આવો બદલાવ આવતાં આંતરજ્ઞાતીય, આંતરજાતીય, આંતરપ્રાંતીય અને આંતરધર્મીય લગ્નોનો એક પાતળો પ્રવાહ વહેતો થયેલો જોવામાં આવે છે.

**લગ્નવય**

પ્રાચીન સમયમાં ભારતીય સમાજમાં કન્યાની લગ્નવય બાબતે નિશ્ચિત કે દૃઢ માન્યતા ન હતી એમ લાગે છે. એક મત એવો છે કે કન્યા રજસ્વલા થાય તે પછી તેનાં લગ્ન થતાં. આ માન્યતામાં કેટલાક સૈકાઓ દરમ્યાન ફેરફાર થતો હોય એમ કન્યાની ઉંમર બાર વર્ષની થાય ત્યારે તેને લગ્નયોગ્ય ગણવામાં આવતી હતી. એના પછી એવી માન્યતા પ્રવર્તતી હતી કે કન્યા રજસ્વલા થાય તે પહેલાં તેને પરણાવી દેવી જોઈએ. એમ ન થાય તો માતાપિતાને પાપ લાગે એવો કેટલાક ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે.

**આધુનિક યુગમાં લગ્નવય**

મધ્યયુગમાં ભારતમાં બાળલગ્નો ઘણાં પ્રચલિત બન્યાં હતાં. વિદેશીઓ અને વિધર્મીઓના અત્યાચારો અને અપહરણમાંથી સ્ત્રીવર્ગને બચાવવાના હેતુથી કન્યાઓને નાની વયે પરણાવી દેવામાં આવતી અને તેના સૌંદર્યનો કોઈને ખ્યાલ જ ન આવે એવા હેતુસર તેમના ચહેરા ઢાંકી દેવા માટે લાજ કે પડદાની પ્રથા શરૂ થઈ હતી.

શ્રી મહાદેવ ગોવિંદ રાનડેએ ઈ. સ. 1887માં ઇન્ડિયન નેશનલ સોશ્યલ કૉન્ફરન્સ નામની રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થાએ બાળલગ્નની પ્રથા સામે વ્યાપક પ્રચાર કર્યો. એથી ઘણા લોકો બાળલગ્નોનો

વિરોધ કરવામાં સક્રિય થયા, કારણ કે બાળલગ્નોના કારણે કજોડાં થતાં હતાં અને તેના કારણે શિક્ષણ ફેલાવવામાં અવરોધ આવતો હતો.

શ્રી કેશવચંદ્ર સેને એ અરસામાં મેડિકલ સત્તાવાળાઓ પાસે સ્ત્રીઓની આદર્શ લગ્નવય અંગે અભિપ્રાય માગ્યો. ત્યારે મોટા ભાગના દાક્તરોએ લગ્ન વખતે છોકરીની ઓછામાં ઓછી ઉંમર 16 વર્ષની હોવી જોઈએ એવો મત દર્શાવ્યો હતો. તેના પરિણામે ઈ. સ. 1872માં કાયદાથી છોકરીની લગ્નવય ચૌદ વર્ષની નક્કી કરવામાં આવી. જોકે આ કાયદાથી કોઈ નોંધપાત્ર ફેરફાર થયો નહિ કારણ કે કેશવચંદ્ર સેને પોતે જ પોતાની ચૌદ વર્ષથી નાની વયની પુત્રીનાં લગ્ન કર્યાં હતાં.

**1955નો હિંદુ-લગ્નધારો**

આ કાયદો સ્વતંત્ર ભારતની સરકારે ઘડ્યો હતો. આ કાયદાથી અગાઉ કાયદાથી નક્કી થયેલી લગ્નવય વધારવામાં આવી. તે મુજબ છોકરીઓ માટે ઓછામાં ઓછી લગ્નવય અઢાર વર્ષ અને છોકરાઓ માટે એકવીસ વર્ષ ઠરાવવામાં આવી તથા આ કાયદાના ભંગને ગુનો જાહેર કરવામાં આવ્યો પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો આ કાયદાનો અમલ ભારત સરકાર કે રાજ્યસરકારો કરાવી શકી નથી અને આ કાયદો થયાનાં પચાસ વર્ષ પછી પણ આ દેશમાં પછાતવર્ગોમાં લાખોની સંખ્યામાં બાળલગ્નો દર વર્ષે થાય છે. છતાં આ કાયદાનું એક વિધાયક પરિણામ એ આવ્યું છે કે સમાજના જાગૃત ઉપલા અને મધ્યમવર્ગોમાં છોકરીઓના શિક્ષણનું પ્રમાણ સતત વધતું રહ્યું છે ને પરિણામે એવા વર્ગોમાં તો બાળલગ્નો લગભગ બંધ થઈ ગયાં છે એમ કહેવું ખોટું નથી.

**લગ્નભાવના**

લગ્ન એક સંસ્કાર છે અને તે ધાર્મિક સંસ્કાર છે. વ્યક્તિના જીવનનો તે એક મહત્ત્વનો પ્રસંગ છે. યૌવનના ઉંબરે ઊભેલો યુવક કે યુવતી જીવનના પ્રથમ તબક્કાને વટાવીને બ્રહ્મચર્યાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા તૈયાર હોય છે ત્યારે લગ્ન એ પ્રવેશને શક્ય બનાવનારી વ્યક્તિના જીવનની અતિ મહત્ત્વની ઘટના છે. લગ્ન કર્યા સિવાય માણસ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકતો અને તેથી તે ગૃહસ્થ પણ કહેવડાવી શકતો નથી.

કુટુંબ સમાજનું નાનામાં નાનું એકમ છે. એની રચનાના પાયામાં લગ્નસંસ્થા રહેલી છે. લગ્ન કુટુંબનો પાયો રચનાર વિધિ છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિ પોતાના કુટુંબમાં જ સુખશાંતિ ને સલામતી મેળવી શકે છે ને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરી શકે છે. એટલા માટે દુનિયાના બધા ધર્મોમાં અને સમાજોમાં લગ્નસંસ્થાનું મહત્ત્વ સર્વમાન્ય થયેલું છે.

**ધર્માચરણ**

હિંદુ ધર્મશાસ્ત્રોમાં લગ્નને એક સંસ્કાર ગણેલો છે. તે ધાર્મિક સંસ્કાર છે. હિંદુ ધર્મની એવી શાસ્ત્રીય માન્યતા છે કે કોઈ પણ ધાર્મિક ક્રિયા - પૂજા, યજ્ઞ વગેરે પતિ અને પત્ની બંને સાથે મળીને જ કરી શકે છે. પત્ની સિવાય આવી ધાર્મિક પૂજાવિધિ નથી થઈ શકતી. પત્નીને માટે 'ધર્મપત્ની', 'સહધર્મચારિણી' જેવા શબ્દો યોજાયા છે. આમ, લગ્નનો એક મહત્ત્વનો ઉદ્દેશ ધર્માચરણનો છે. પતિપત્નીએ ધર્માચરણ દ્વારા દેવો, ઋષિઓ અને પિતૃઓ પ્રત્યેનાં કર્તવ્યો બજાવીને પોતાના ઉપર રહેલાં દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણમાંથી મુક્ત થવાનું છે. પોતાનાં સાંસારિક અને સામાજિક કાર્યો કરતાં કરતાં, પોતાના પિતૃઓની સંસ્કારભાવના, ધર્મભાવના, કર્તવ્યભાવનાની પરંપરાઓનું સાતત્ય જાળવીને તે બધાનું સંવર્ધન કરવાનું છે.

ધર્મ વગરનું જીવન કલ્પી શકાતું નથી. ધર્મભાવના જીવનને ટકાવી રાખવાનું, ઉત્તમ રીતે પોતાનું જીવન જીવવાનું બળ આપે છે, જીવનનો સાચો માર્ગ બતાવે છે. ભૂતકાળથી ચાલી આવતી ધાર્મિક ભાવનાના પાયા અને બળ ઉપર વર્તમાન જીવન ઘડાય છે અને તેમાંથી ભવિષ્યનું એથીય વધારે તેજસ્વી જીવન પ્રગટે છે. એટલે જ કહ્યું છે કે धर्मो रक्षति रक्षत:। ધર્મનું રક્ષણ કરનારનું રક્ષણ ધર્મ કરે છે.

જીવનનો સાચો આધાર ધર્મ છે. લગ્નવિધિથી જોડાનાર દંપતીએ પૂર્વજો દ્વારા મૂર્તિમંત થયેલા ધર્મનું નિત્ય આચરણ કરીને પોતાના કુળની ઉચ્ચ પરંપરાઓ અને ભાવનાઓને જાળવી રાખવાના પોતાના કર્તવ્યનું નિત્ય જીવનમાં પાલન કરવાનું છે. એટલે એમ કહી શકાય કે પૂર્વજોનું, સમાજ અને દેશનું ઋણ અદા કરવા માટેનું ઉત્તમ સાધન એટલે લગ્ન. ધાર્મિક અને આધ્યાત્મિક કર્તવ્યોનું સારી રીતે પાલન કરી શકાય એટલા માટે લગ્ન આવશ્યક છે.

**સામાજિક માન્યતા અને સ્વીકૃતિ**

લગ્ન દ્વારા એક પુરુષ અને એક સ્ત્રી પોતાના સહજીવન માટે એકબીજા સાથે જોડાય છે અને આવા જોડાણને સમાજ સ્વીકૃતિ આપે છે. સમાજમાં સ્ત્રી અને પુરુષનો આ રીતે લગ્ન દ્વારા સ્થાપિત થયેલો સંબંધ જ માન્ય ગણાય છે. લગ્નને આ રીતે સમાજની માન્યતા મળવાનું કારણ લગ્નવિધિ ને તેની પદ્ધતિ છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે આવું લગ્ન કંઈ છાનુંછપનું કે ખાનગીમાં થતું નથી પરંતુ બંને પક્ષનાં સગાંસબંધીઓ અને સમાજનાં અન્ય ઘણાં સ્ત્રીપુરુષોની સાક્ષીએ નિશ્ચિત થયેલા વિધિ અનુસાર થાય છે. લગ્નને મળતી સામાજિક સ્વીકૃતિથી સ્ત્રીપુરુષના સંબંધોમાં નીતિમત્તા જળવાઈ રહે છે ને સામાજિક જીવન સ્વસ્થ રહે છે. લગ્નને મળતી સામાજિક સ્વીકૃતિથી લગ્નસંબંધે જોડાનાર સ્ત્રી અને પુરુષ બંનેને પોતાના ભાવિ જીવનની સ્થિરતાની ખાતરી મળે છે. તેમના પોતાના જીવનવિકાસ માટેનો પુરુષાર્થ કરવાની મોકળાશ પ્રાપ્ત થાય છે. પતિ અને પત્ની બંને સાથે મળીને પરસ્પરના સહકાર અને શ્રમવિભાજન દ્વારા પોતાની સર્જનાત્મક શક્તિઓની વિકાસયાત્રાનો આરંભ કરે છે. તેઓ પોતાના અલગ ઘરની શરૂઆત કરે છે ને તેમની જીવનયાત્રા શરૂ થાય છે.

**વંશવૃદ્ધિ**

લગ્ન કરીને પુરુષ ગૃહસ્થ બને છે અને સ્ત્રી ગૃહિણી બને છે. આમ, તેમનો ગૃહસ્થાશ્રમ શરૂ થાય છે. તેમના ગૃહસ્થાશ્રમમાં તેઓ પોતાની ધાર્મિક ફરજો સારી રીતે બજાવે એટલું પૂરતું નથી. એ ધાર્મિક ફરજો તેમને તેમના પિતૃઓ કે પૂર્વજો તરફથી વારસામાં મળેલી છે ને તે વારસો તેમના મરણ પછી પણ યથાવત્ ચાલુ રહે તે તેમના માટે, તેમના કુટુંબ માટે આવશ્યક છે. એટલા માટે તેઓ લગ્ન કરીને પ્રજોત્પત્તિ કરે છે, પુત્રોને જન્મ આપે છે.

પિતાના કે માતાના મૃત્યુ પછી પુત્ર તેમને અગ્નિસંસ્કાર આપે છે ને તેમના આત્માને સદ્‌ગતિ મળે તે માટે તેમનું શ્રાદ્ધ કરીને તે પિંડદાન આપે છે. આવું પિંડદાન આપવાનો ધાર્મિક અધિકાર પુત્રનો છે. પુત્ર દ્વારા જ પિતૃઓનું તર્પણ થાય એવું શાસ્ત્રવિધાન છે.

પતિપત્નીનો વંશવેલો જળવાઈ રહે તે માટે પણ તેમને પુત્ર થવો આવશ્યક છે. ભારતમાં નિર્વંશ જવું એ શાપરૂપ બીના ગણાય છે. એટલે દંપતીના જીવનની પાયાની જરૂરિયાત છે કે તેઓ પોતાના વંશનો વિસ્તાર કરે. પુત્ર હોય તો પોતાની પાછલી અવસ્થામાં તે કુટુંબનો ભાર ઉપાડી લે અને પોતાની સેવા પણ કરે. આવું થવાથી તેમને જીવનમાં પરમ સંતોષ મળે છે. પોતાના ગયા પછી પણ કુળધર્મનું પાલન થતું રહેશે એવી મનમાં નિરાંત રહે છે.

લગ્ન કરવાથી સ્ત્રીની નૈસર્ગિક માતૃત્વની ઝંખના પૂર્ણ થાય છે ને તેના જીવનમાં તેને પરમ સંતોષ અને આનંદનો અનુભવ થાય છે. દંપતીને સંતાનો થાય એટલે તેમના કુટુંબની અને તેમની બંનેની પણ પરિપૂર્ણતા સિદ્ધ થાય છે. સ્ત્રી વિના એકલો પુરુષ અપૂર્ણ છે અને પુરુષ વિનાની એકલી સ્ત્રી પણ અધૂરી છે. બેના જોડાણ અને મિલન થકી જ બંને પોતપોતાની પૂર્ણતાને પામે છે. તેમના ગૃહસ્થાશ્રમ જીવનની સફળતા પણ સંતાનો સહિતના તેમના દાંપત્યજીવનમાં રહેલી છે.

ગૃહસ્થાશ્રમ એ ભારતીય જીવનરચનાનો ઘણો જ મહત્ત્વનો તબક્કો ગણાય છે. જીવનના બાકી ત્રણ આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ ગૃહસ્થાશ્રમ ઉપર અવલંબિત છે. ગૃહસ્થાશ્રમ એ ત્રણે આશ્રમોને પોષે છે અને ટકાવી રાખે છે. વ્યક્તિના સમગ્ર જીવનની પૂર્ણતા ગૃહસ્થાશ્રમમાં સિદ્ધ થાય છે. તેથી જ ઋષિમુનિઓએ ગૃહસ્થાશ્રમને 'धन्यो गृहस्थाश्रम' એવું બહુમાન આપેલું છે. જીવનના અન્ય કોઈ તબક્કાને આવું કોઈ જ ઉપનામ મળેલું નથી.

વંશવૃદ્ધિ થકી જ સમાજજીવન પલ્લવિત થાય છે, ફૂલેફળે છે ને ટકી રહે છે. વંશવૃદ્ધિ અને સંતાનપ્રાપ્તિ એ લગ્નજીવનનો અતિ મહત્ત્વનો ઉદ્દેશ ગણાયેલો છે. જેમને સંતાન પ્રાપ્ત થતાં નથી તેમનું જીવન દુઃખી અને નિરાશામય બની જાય છે. ઘેર ગમે તેટલી રિદ્ધિસિદ્ધિ અને સુખસાહેબી હોય પણ એ ઘર બાળકોના કિલ્લોલ થકી ગૂંજતું ને ગાજતું ન હોય તો તેવા ઘરમાં સુખની અનુભૂતિ થતી નથી એટલું જ નહિ સમાજમાં પણ એવા દંપતીનો માનમરતબો જળવાતો નથી.

## નૈતિક મૂલ્યોનું જતન

એક પુરુષ અને એક સ્ત્રી લગ્નવિધિ દ્વારા એકબીજા સાથે એક પવિત્ર સંબંધે જોડાય છે. આ જોડાણ હિંદુ સમાજમાં ભવોભવનું બંધન ગણાય છે. એ સંબંધ માત્ર એક જન્મ પૂરતો મર્યાદિત નથી માનેલો. લગ્ન કરનાર કન્યા લગ્નવિધિ થકી પોતાના સ્ત્રીત્વને પામે છે, પોતાનું કહેવાય તેવા ઘરની તેને પ્રાપ્તિ થાય છે અને તેને પોતાની સંપૂર્ણ સલામતીનો ત્યાં અહેસાસ થાય છે. ભારતીય નારીની ભાવના પોતાના પતિને પરમેશ્વર માનીને જીવન જીવવાની છે. એ હેતુથી જ હિંદુ સમાજમાં કેટલાક તહેવારો ને ઉત્સવોનું વિધાન પણ થયેલું છે. પતિ અને પત્ની બંનેનો પરસ્પરનો સ્વીકાર એ બાબત અતિ પવિત્ર છે. એટલે ભારતીય સમાજ-વ્યવસ્થામાં સામાન્ય રીતે લગ્નવિચ્છેદનો નિષેધ માનેલો છે. લગ્ન દ્વારા સ્થપાયેલો દાંપત્યનો સંબંધ જીવનના અંત સુધી ટકે છે. માટે જ પતિપત્ની બંનેની એ પવિત્ર ફરજ બને છે કે તેમના દાંપત્યની સફળતા માટે બંને પરસ્પરને પૂરાં વફાદાર રહે. આ જ વાત કવિશ્રી નાનાલાલે કાવ્યાત્મક રીતે રજૂ કરી છે :

> ''પતિએ પત્નીવ્રત લેવું,
> પત્નીએ પતિવ્રત લેવું.''

આટલું થતાં જ સમાજમાં અન્ય લોકો સાથેના તેમના સંબંધોમાં એક પ્રકારની પવિત્રતાની, નિર્મળતાની ભાવના પ્રગટે છે.

લગ્ન એ બે જીવોનું મિલન છે એથીય વિશેષ એ બે આત્માઓનું મિલન છે. એનો આધાર પરસ્પર માટેનો પ્રેમ અને સદ્ભાવ છે. એ હોય એટલે બંનેના સંબંધો વિવેકપૂર્ણ, નિયંત્રિત અને સંતુલિત બને છે. પરસ્પરના પ્રેમ દ્વારા જ તેમને જીવનનો પરમાનંદ પ્રાપ્ત થાય છે, તનમનની તૃપ્તિ મળે છે. એમની સર્જનાત્મક શક્તિ ખીલે છે ને સૃષ્ટિનું સાતત્ય જળવાઈ રહે છે. પતિપત્નીના પરસ્પરના પ્રેમ થકી જ તેમના જીવનમાં સહનશીલતા, ધીરજ, ખંત, સહકાર, સેવા, ઉદારતા, દયા, પ્રભુપરાયણતા જેવા અનેક સદ્ગુણોની ફૂલવાડી ખીલે છે. તેમના વ્યક્તિત્વની સુવાસ સમાજને પણ મહેકાવે છે.

પરસ્પરનો પ્રેમ અને સહકારની ભાવના તેમના જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવાનું તેમને બળ આપે છે. એટલે જીવનની કઠણાઈઓમાં તેઓ ભાંગી પડતાં નથી, પણ ગમે તેવા પડકારો આવે, તેમનો મજબૂત મનથી સામનો કરીને પાર ઊતરે છે ને ત્યારે તેમનામાં અદ્‌ભુત આત્મવિશ્વાસનો આવિર્ભાવ થાય છે. આવો આત્મવિશ્વાસ તેમનામાં એક-બીજાને માટેની સમાનતાની ભાવના, સાથીપણાની ભાવના પ્રગટાવે છે. પછીના તેમના જીવનમાં લઘુતમ સંઘર્ષ અને ગુરુતમ સહકાર જોવામાં આવે છે. તેનો ઉત્તમ વિનિયોગ તેમનાં સંતાનોને સારી રીતે ઉછેરવામાં, તેમને ઉત્તમ સંસ્કારો આપવામાં અને તેમના જીવનને માનવતાની ભાવનાથી સભર કરવામાં થાય છે. આવા જીવન દ્વારા સમાજને એક આદર્શ કુટુંબનું દૃષ્ટાંત મળી રહે છે.

**લગ્નજીવનની સફળતા**

સૌનો સર્વસામાન્ય અનુભવ છે કે પુરુષ એક યા બીજો વ્યવસાય કરીને ધન કમાય છે. તેને પોતાના પરિવારનાં સુખશાન્તિ ને સલામતીની ખેવના હોય છે, સમાજમાં પોતાને સારી પ્રતિષ્ઠા મળે ને તે જળવાઈ રહે તેવી પણ અંતરની ઇચ્છા હોય છે. તેથી તેની સર્વ શક્તિ-બુદ્ધિશક્તિ ને કાર્યકૌશલ્ય તે પોતાના વ્યાવસાયિક વિકાસમાં અજમાવે છે. આ હેતુસર પુરુષના દૈનિક સમયનો મોટો ભાગ ઘરની બહાર વીતે છે. ધંધાર્થે તે અનેક લોકોના સંપર્કમાં આવે છે, તેમની સાથે ધંધાના સંબંધો ઊભા થાય છે ને એમ ધંધાનો વિકાસ થતો જાય છે. પુરુષની આ પ્રકારની જીવનશૈલીને લીધે પોતાના કુટુંબ સાથે તે સવારસાંજનો સમય આપી શકે છે. વારતહેવારે રજા હોય તે દિવસ પરિવારની સાથે ગાળે છે.

પત્નીની જવાબદારી પોતાનું ઘર ચલાવવાની હોય છે. ઘરની બધી જવાબદારીઓ તે સુપેરે ઉઠાવી લે છે તેથી તેને ગૃહિણી કહેવામાં આવે છે. ઘર સારું ચાલે તો તેનો યશ અને સરખું ન ચાલે તો તેનો અપયશ પત્નીને મળે છે. તેથી ગૃહિણી એટલે જ ઘર - **गृहिणी गृहम् उच्चते** - કહેવાય છે.

પતિની કમાણીનો કરકસરભર્યો ઉત્તમ ઉપયોગ કરવામાં પત્નીની આવડતની કસોટી થાય છે. તેના ઉપરથી તેની શાખ-આબરૂ બંધાય છે. માપસરની કમાણીમાં ઘર સરસ રીતે ચાલે, સૌની ખોરાક, કપડાં તથા બીજી જરૂરિયાતો સંતોષાય, સાજેમાંદે દવાદારૂની પણ જોગવાઈ થઈ જાય, મહેમાન-પરોણાની આગતાસ્વાગતામાં કંઈ ઊણપ ન આવે ને કુટુંબમાં આવતા નાનામોટા સામાજિક કે ધાર્મિક પ્રસંગો પર કુટુંબના મોભા પ્રમાણે જરૂરી વ્યવહારો કરી શકાય - આવી બધી બાબતોનો આધાર ગૃહિણી ઉપર રહેતો હોય છે. એવા ઘરમાં હંમેશાં આનંદનું વાતાવરણ જોવા મળે છે.

પતિને પક્ષે પણ કેટલીક ફરજો આવે છે. તે પોતાની કમાણી ખોટા રસ્તે, વ્યસનોમાં અને જુગારમાં વેડફી ન નાખે એ માટે એણે પૂરતી જાગૃતિ અને સાવધાની રાખવાની હોય છે. જે ઘરનો મોભી આડા રસ્તે વળી જાય તે ઘરનું કુટુંબજીવન પાયમાલ થઈ જતાં વાર લાગતી નથી. એ સંજોગોમાં સૌથી વધારે દુઃખ પત્નીને જ ભોગવવાનું આવતું હોય છે. તેને પોતાનું, પતિનું અને બાળકોનું યોગક્ષેમ સંભાળવામાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. તેથી પતિના પક્ષે માત્ર કમાણી કરવી એટલું પૂરતું નથી પણ એનો ઉપયોગ પોતાના કુટુંબની સુખાકારીમાં જ થાય એ રીતે કરવાનો હોય છે.

ઘરમાં પત્ની રાચરચીલું અને માલમિલકતની જાળવણી કરીને કરકસરથી ઘર ચલાવીને પરોક્ષ રીતે પતિની કમાણીમાં પૂરક બનતી હોય છે. કરકસર કરીને કરેલી બચત કમાણી બરોબર ગણાય છે. તે માટે

તો પત્ની પતિની અર્ધાંગના કહેવાય છે. સમજદાર પત્ની પોતાના પતિનાં કાર્યોથી વાકેફ રહે છે, તેની અવારનવાર કદર કરે છે ને તેમાં તેને પ્રોત્સાહન આપે છે. પત્નીની પ્રેરણા અને પતિનો પુરુષાર્થ એ બેનો સુભગ સુમેળ હોય ત્યાં ધનની ખોટ વર્તાતી નથી. પ્રેરણાનો અર્થ પતિના કાર્યમાં તેમને પ્રોત્સાહન આપવું, જરૂર હોય ત્યાં મદદ કરવી, યોગ્ય સલાહ આપવી. આવી પત્ની कार्येषु मंत्री કહેવાય છે.

પત્નીનું એવું જ બીજું રૂપ भोज्येषु माता નું છે. પત્ની પોતાના પતિને, બાળકોને જમાડે ત્યારે તેમાં માતાના જેવો પ્રેમ પ્રગટવો જોઈએ. જે પરિવારમાં સૌ સાથે બેસીને ભોજન લે છે ત્યાં કદી કોઈના મનમાં જુદાઈની ભાવના પેદા થતી નથી. અહીં પત્નીનું માતૃરૂપ પ્રગટ થાય છે.

પતિની માંદગીમાં પત્ની ઘરની બધી જવાબદારી ઉપાડી લે છે એટલું જ નહિ તે પોતાના જીવનસાથીની રાતદિવસ સેવા કરે છે. તેમને સમયસર દવા આપવી, માંદગીમાં માફક આવે તેવો ખોરાક આપવો, સ્નાન કરાવવું, હાથપગ કે માથું દબાવવું, પત્નીની આવી પ્રેમપૂર્વકની સેવા પતિને દવાથી પણ અધિક ફાયદો કરે છે તો પત્નીની માંદગીમાં પતિની પણ પત્નીસેવાની ફરજ બને છે. તેણે પણ માંદગીમાં પોતાની પત્નીની સર્વ પ્રકારે કાળજી રાખવી આવશ્યક છે. આવી પારસ્પરિકતા તેમના દાંપત્યજીવનમાં અનેરી સુવાસ પ્રગટાવે છે.

જીવનરથનાં પતિ અને પત્ની બે પૈંડાં છે. એ બંને સરખાં હોય, સારી સ્થિતિમાં હોય તો જીવનની ગાડી સારી રીતે ચાલે છે. પણ જો બે પૈડાં નાનાંમોટાં હોય તો એ રથ પોતાના મુકામે પહોંચતો નથી. આનો અર્થ આપણે સમજવા જેવો છે. દાંપત્યજીવનમાં પતિએ પણ પત્નીના કામમાં સાથસહકાર આપવાની હંમેશાં જરૂર હોય છે. એમ કરવાથી પત્નીને જીવનમાં અનેરા ઉત્સાહનો અનુભવ થાય છે. તેને પોતાના કામનો થાક લાગતો નથી, જીવન બોજ બનતું નથી, બલકે એમનું સખ્ય અને સાહચર્ય જીવનની યાત્રાને મંગલયાત્રા બનાવી દે છે.

નીચેની બાબતો લગ્નજીવનની સફળતામાં ખૂબ મહત્ત્વની છે :

(1) પતિપત્ની બંનેએ સવારમાં વહેલા ઊઠવાની ટેવ પાડવી ઉપયોગી છે. એથી દિવસ દરમ્યાન કામમાં સ્ફૂર્તિ જળવાઈ રહે છે.

(2) પતિનું અને પત્નીનું બંનેનું કામ સરખા મહત્ત્વનું છે એવી પરસ્પરની સમજણ કેળવાય ને અવારનવાર બંને પરસ્પરના કામમાં સહભાગી બને. એથી બંને વચ્ચે સખ્ય અને સહચારની ભાવના સતત વિકસતી રહે છે.

(3) શ્રમકાર્ય માટેનો અભિગમ વિધાયક બનવો જોઈએ. પોતાનું કામ ઉત્સાહપૂર્વક કરવું એ પ્રભુની પૂજા છે - Work is worship એવી શ્રદ્ધા કેળવવાથી કામનો ભાર લાગતો નથી.

(4) પોતાની માન્યતાઓ અને આગ્રહોમાં બાંધછોડ કરવાની તૈયારી બંનેના જીવનમાં પરસ્પરની પ્રીતિ વધારે છે. હું કહું તેમજ થવું જોઈએ એવું ધણીપણું નુકસાનકર્તા છે. એવો અહં છોડવાથી કુટુંબજીવનની મધુરતા જળવાય છે. જતું કરવાથી પ્રાપ્તિ થાય છે.

(5) કુટુંબમાં સૌની સગવડ સાચવવાની કાળજી રાખવાથી સૌનાં મન પ્રસન્ન રહે છે, કુટુંબમાં કલહ થતો નથી.

(6) સાથે બેસીને પ્રાર્થના કરવી અને સાથે બેસીને જમવું એ બે બાબતોનું પાલન કરવાથી દરેકના જીવનમાં પ્રભુપરાયણતા અને કુટુંબના સૌને માટે કંઈક કરી છૂટવાની તત્પરતા કેળવાય છે ને માનવતા મહોરી ઊઠે છે.

(7) જીવનના ચાર પુરુષાર્થ શાસ્ત્રોએ ગણાવેલા છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. લગ્નસંબંધે જોડાતાં સ્ત્રી અને પુરુષ - દંપતી આ ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરવાની ક્ષમતા રાખે છે અને માત્ર ગૃહસ્થાશ્રમમાં જ આ પુરુષાર્થોની સિદ્ધિ માટેનાં અવકાશ ને અનુકૂળતા મળી રહે છે.

(8) પરસ્પરમાં સદ્‌ગુણ જોવાની દૃષ્ટિ કેળવવી. કોઈની ખામી કે ઊણપો જોવાથી જીવનમાં માત્ર નકારાત્મક સમજણનો જ વિકાસ થાય છે ને સરવાળે એમાંથી પરસ્પરના સંબંધોમાં આશંકા અને કડવાશ પેદા થાય છે. જીવતર ઝેર થઈ જાય છે.

## સ્વાધ્યાય

**1.** દરેક પ્રશ્નનો આઠ-દસ લીટીમાં જવાબ આપો :

(1) કન્યા કેવા પુરુષને જીવનસાથી તરીકે પસંદ કરે છે ?

(2) માતા પોતાની પુત્રીના સાસરાપક્ષે કઈ બાબતને મહત્ત્વ આપે છે ?

(3) લગ્નને વ્યાપક સમાજની માન્યતા કેવી રીતે મળે છે ?

(4) સ્વપસંદગીનાં લગ્નો માટે કઈ બાબતો કારણભૂત છે ?

(5) ગૃહસ્થાશ્રમને 'ધન્ય' કેમ કહેવામાં આવે છે ?

(6) લગ્નજીવનની સફળતા માટે ગમે તે ચાર બાબતો જણાવો.

**2.** અર્થવિસ્તાર કરો : ચાર-પાંચ વાક્યોમાં :

(1) લગ્ન બે કુટુંબો માટે પણ મહત્ત્વની ઘટના છે.

(2) લગ્ન એક સંસ્કાર છે.

(3) સ્ત્રી વિના એકલો પુરુષ અધૂરો છે.

(4) પત્નીને ગૃહિણી કહેવામાં આવે છે.

(5) નીચેના શબ્દોના અર્થ સમજાવો :

લગ્ન, વિવાહ, પાણિગ્રહણ, મંગળફેરા, સપ્તપદી, કન્યાદાન.

**3.** દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં જવાબ આપો :

(1) સાંપ્રત સમાજમાં કન્યાની પસંદગીમાં કઈ બાબતને મહત્ત્વ અપાય છે ?

(2) હિંદુ લગ્નધારા પ્રમાણે છોકરા-છોકરીની લગ્નવય કેટલી નક્કી થયેલી છે ?

(3) પત્નીને સહધર્મચારિણી કેમ કહેવામાં આવે છે ?

(4) પિંડદાન ક્યારે કોણ આપે છે ?

(5) વંશવૃદ્ધિનો હેતુ શો છે ?

**4.** દરેક પ્રશ્નની નીચે આપેલા જવાબોમાંથી સાચો જવાબ ☐ માં લખો.

(1) સમાજ કેવી વ્યક્તિઓનો બનેલો છે ? ☐

(1) સજ્જન લોકોનો (2) ભણેલા ધનિકોનો (3) લોહીના સંબંધે જોડાયેલી વ્યક્તિઓના સમૂહોનો (4) સેવાભાવી લોકોનો

(2) લગ્ન કયા દેવની સાક્ષીએ થાય છે ? ☐

(1) નાગદેવની (2) વાયુદેવની (3) ઇંદ્રદેવની (4) અગ્નિદેવની

(3) માતા કેવા યુવકને જમાઈ તરીકે પસંદ કરે છે ? ☐

(1) ખૂબ ભણેલા (2) ખૂબ પૈસાદાર (3) ખૂબ દેખાવડો (4) ખૂબ શક્તિશાળી

(4) રાજા રામમોહનરાયના સાથી સુધારક કોણ હતા ? ☐

(1) કવિ નર્મદ (2) સ્વામી રામતીર્થ

(3) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (4) અરવિંદ ઘોષ

(5) ધર્મપત્ની કોને કહેવાય ? ☐

(1) ધર્મનું પાલન કરનારી પત્નીને

(2) દરરોજ ભગવાનની પૂજા કરનારી પત્નીને

(3) પતિની સાથે ધાર્મિક ક્રિયાઓમાં સહભાગી થનાર પત્નીને

(4) પતિની ગેરહાજરીમાં તેમના ધર્મનું રક્ષણ કરનાર પત્નીને

●